# શીતલહેરથી શહેર ઠુંઠવાયું

### વાદળિયા વાતાવરણ વચ્ચે શીત લહેરથી ઠંડીનુ જોર વધ્યુ : દિવસનુ તાપમાન પણ ૨ ડીગ્રી ઘટયુ : શહેરીજનો દિવસે પણ ટોપી અને સ્વેટરમાં લપેટાયા : રાત્રિના સમયે શહેરના માર્ગો પર સન્નાટો : કોલ્ડવેવથી બચવા નગરજનો ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કરે છે : આગામી દિવસોમાં ઠંડીનો પારો સિંગલ ડીઝીટમાં આવી જશે



ગાંધીનગરમાં હવે ઠંડીની મોસમ વધુ આકરી બનતી જાય છે. એક જ રાતમાં ઠંડીનો પારો ૪.૨ ડીગ્રી ઉંચકાતા આજે લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ.શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીના લીધે નગર ઠંડુગાર બની ગયુ છે. શહેરીજનો આકરી ઠંડીની અસરથી બચવા માટે ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળે છે. સવારથી જ આકાશમાં વાદળો પણ ઘેરાયેલા જોવા મળ્યા હતા જયારે વાદળિયા વાતાવરણ વચ્ચે શીત લહેરનુ જોર પણ વધુ હોવાથી ઠંડી વધુ કાતિલ બની હતી. હજુ આગામી દિવસોમાં ઠંડીનો પારો સિંગલ ડીઝીટમાં પહોંચી જવાની સંભાવના છે.

ગાંધીનગરમાં આજે સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ છે ઠંડીનો પારો એક જ રાતમાં ૪.૨ ડીગ્રી વધતા નગરજનોએ આકરી ઠંડી અનુભવી હતી. આજે સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડીનો ચમકારો અસહ્ય હોવાનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. ગઈકાલે લઘુત્તમ તાપમાન ૧૪.૨ ડીગ્રી રહ્યુ હતુ. જયારે આજે ઠંડી ૧૦ ડીગ્રીએ અલબત્ત સિંગલ ડીઝીટ નજીક પહોંચી ગઈ હતી. શહેરમાં સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીના લીધે નગરજનો દિવસે પણ ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા

## લઘુત્તમ તાપમાન ૧૦ ડીગ્રી

હતા. વહેલી સવારથી જ કોલ્ડવેવની અસરથી જનજીવન પ્રભાવિત રહ્યુ હતુ. સવારે મોર્નિંગ વોક કરનારાની સંખ્યા પણ ઠંડીના લીધે ઘટી ગઈ છે. જયારે ઠંડી વધવાની સાથે મહત્તમ તાપમાનમાં પણ ૨ ડીગ્રીની ગિરાવટ જોવા મળી છે. જેના લીધે દિવસનુ તાપમાન ૨૫.૫ ડીગ્રી રહ્યુ હતુ. લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે માત્ર ૧૫ ડીગ્રીનો તફાવત જ રહ્યો છે. ડિસેમ્બરના મધ્ય ભાગમાં ઠંડીએ જોર પકડયુ છે. આકરી ઠંડીના લીધે શહેરીજનો હવે વહેલી સવારે અને રાત્રિના સમયે કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળી રહ્યા છે. ઠંડીની અસરથી બચવા માટે નગરજનો ઘરમાં હીટરનો ઉપયોગ કરતા થયા છે. જયારે દિવસે અને રાત્રિના સમેય પણ ટુ વ્હીલર પર જતા વાહનચાલકો ગરમ કપડામાં સજ્જ જોવા મળી રહ્યા છે. ઠંડી અસહ્ય બનતા રાત્રિના સમયે નગરના માર્ગો પર સન્નાટો જોવા મળી રહ્યો છે. આજે શહેરમાં લઘુત્તમ તાપમાન વધતા ઠંડીનો પારો ૧૦ ડીગ્રીએ પહોંચ્યો હતો જેના લીધે શહેરમાં સિઝનની અત્યાર સુધીની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. શહેરમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળતા નગરના શોપિંગ બજારમાં પણ ગરમ કપડાની ખરીદીમાં ઘસારો જોવા મળી રહ્યો છે. સવારે માર્નિંગમાં શાળાએ જતા વિદ્યાર્થીઓ માટે પણ ઠંડી આકરી પુરવાર થઈ રહી છે. શહેરમાં સાંજ ઢળતા જ ઠંડીનુ મોજુ ફરી વળતા ધીમે ધીમે માર્ગો પર ચહલ પહલ ઘટી જતી નજરે પડી હતી. જયારે રાત્રિના સમયે શ્રમિક વસાહતમાં ઠંડીથી બચવા માટે તાપણાં સળગતા જોવા મળ્યા હતા. એકાએક જ ઠંડીનો પારો ઉંચકાવાની સાથે આજે દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ અને શીત લહેર વચ્ચે ઠંડીનુ જોર બેવડાયુ હતુ. વાદળિયા વાતાવરણ અને પવનના લીધે નગરજનોએ દિવસે પણ ઠંડીનો અહેસાસ કર્યો હતો. હજુ આગામી દિવસોમાં ઠંડીનો પારો સિંગલ ડીઝીટમાં પહોંચી જશે.

## ૧૯-૨૦ ડિસેમ્બરે ઠંડી ગાંધીનગર જિલ્લાને ધ્રુજાવશે

ગાંધીનગર જિલ્લામાં ૧૯-૨૦ દરમ્યાન ઠંડીનું જોર વધુ જામશે. પારો ૧૦ ડિગ્રીએ પહોંચશે તેવું હવામાન પૂર્વાનુમાન છે.

૧૮ થી ૨૨ ડિસે.ના પાંચ દિવસ માટે દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન-પૂર્વાનુમાનના બુલેટીન નં. ૭૫માં જણાવ્યા પ્રમાણે મહત્તમ તાપમાન ૨૮-૨૯ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૦-૧૨ ડિગ્રી વચ્ચે રહેવા સંભાવના છે.

હવામાં ભેજનું પ્રમાણ ૧૨ થી ૩૪ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. જ્યારે પવનની સરેરાશ ગતિ ૮ થી ૧૭ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

## મનપામાં સફાઈ મુદ્દે બેદરકારી બદલ ચાર ઈન્સ્પેક્ટર સસ્પેન્ડ

### કમિશનરે શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોમાં સફાઈના મુદ્દે રાઉન્ડ લેતાં બેદરકારી દેખાઈ : ભૂતિયા કામદારોની હાજરી નોંધાઈ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર મહાનગર પાલિકાના કમિશનર ડૉ. ધવલ પટેલે સફાઈની મળેલી સંખ્યાબંધ ફરિયાદોને પગલે આજે ઓચિંતી શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં મુલાકાતે જઈ ચડ્યા હતા. જેમાં કામમાં બેદરકારી અને લાલિયાવાડી જોઈ ચોંકી ઉઠેલા કમિશનરે બે સેનેટરી ઈન્સ્પેક્ટર અને બે સબ સેનેટરી ઈન્સ્પેક્ટરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાના હુકમો કર્યા છે.

ગાંધીનગર મનપાના તવારીખીમાં પહેલીવાર કર્મચારીઓને ફરજમોકુફી હેઠળ મુકવાના કમિશનરના નિર્ણયને લઈ તંત્રમાં પણ સન્નાટો વ્યાપી જવા પામ્યો છે. મનપામાં સફાઈના મુદ્દે એકાએક તંત્રએ આક્રમક વલણ અખત્યાર કરતાં આ બાબત ટોક ઓફ ધી ટાઉન પણ રાત્રે બની હતી.

મનપાના કમિશનર ડૉ. ધવલ પટેલ આજે ભાટ, નભોઈ, સુઘડ, અમીયાપુર અને ખોરજ ગામની મુલાકાતે ગયા હતા. વોર્ડ નં. ૧૦ અને ૧૧ માં સમાવિષ્ટ આ ગ્રામ્યવિસ્તારમાં સફાઈના મુદ્દે તેમણે આકરી સમીક્ષા કરી હતી.

મળતી વિગતો પ્રમાણે રજીસ્ટરમાં દર્શાવેલા કામદારો પૈકી માંડ ૨૦ ટકા જ કામદારો કામ કરી રહેલા જણાયા હતા. આ સાથે ભૂતિયા કામદારો બતાવનારી સંબંધિત એજન્સીને પણ નોટીસ પાઠવી અને ખુલાસો માંગવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મનપાની હદમાં વધારો કરાયા બાદ નવા સમાવિષ્ટ વિસ્તારોમાં સફાઈ અને ડોર

● અનુસંધાન પાના - ૭ પર

## આવતીકાલે ગ્રામ પંચાયતો માટે મતદાન

### આજે પોલિંગ પાર્ટીઓ રવાના કરવામાં આવશે : ૪૫ રૂટ તંત્રએ તૈયાર કર્યા : ૫૨ રૂટ પર સુપરવાઈઝરો પણ ફરજ બજાવશે : અતિ સંવેદનશીલ મતદાન મથકોનું વિડીયો રેકોર્ડિંગ કરાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં પંચાયતોની ચૂંટણીના પ્રચાર પડઘમ શાંત થતાં જ હવે મિત્રમંડળની રાજનીતિ ઉમેદવારો દ્વારા હાથ ધરવામાં આવી છે.

ખાટલા પરિષદો, મહોલ્લા બેઠકો તેમજ કેટલાક ગામોમાં ઉમેદવારોએ જાહેરસભા યોજી અને આક્રમક પ્રચાર અભિયાન છેડ્યુ હતુ. રાત્રિ બેઠકો ભોજન સાથે પણ યોજાઈ હોવાની વાતો જાણવા મળી છે. આ ઉપરાંત પ્રચાર અભિયાનમાં સોશ્યલ મિડિયાનો પણ ભરપૂર ઉપયોગ થયો છે.

બીજી તરફ તંત્રએ તેની તૈયારીઓ પૂરી કરી લીધી છે અને શનિવારે બપોરથી આ ચૂંટણીના મતદાન માટે પોલિંગ પાર્ટીઓ રવાના કરવામાં આવશે. તંત્રએ ચૂંટણીને લઈ જે અતિ સંવેદનશીલ મતદાન મથકો ૬૭ છે ત્યાંની સંપૂર્ણ વિડીયોગ્રાફી થાય તે જોવા પણ જણાવ્યુ છે.

તંત્રએ પોલિંગ પાર્ટીઓ રવાના કરવા માટે ૪૫ જેટલા રૂટ તૈયાર કર્યા છે. સાંજના પાંચ પહેલા પોલીંગ પાર્ટીઓ જે તે પોલિંગ બુથ પર પહોંચી જશે અને તે અંગેનું રિપોર્ટીંગ પણ કરશે.

તંત્રએ મતદાનના આંકડા સમયસર મળે તેમજ સમગ્ર પ્રક્રિયા ન્યાયપૂર્ણ અને નિષ્પક્ષ રીતે યોજાય તે માટે ૫૨ જેટલા રૂટ પર

● અનુસંધાન પાના - ૭ પર

### સભ્ય-સરપંચ માટે અલગ રંગના મતપત્રક

#### સૌથી વધુ પંચાયતોની ચૂંટણી દહેગામમાં, સૌથી વધુ નોંધાયેલા મતદાર ગાંધીનગરમાં

ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં દરેક મતદાર બે મત આપી શકશે. આ માટે બે બેલેટ પેપર આપવામાં આવશે.

ગુલાબી મતપત્રક દ્વારા સરપંચ પદ માટે મતદાન કરી શકશે. જ્યારે સફેદ મતપત્રક દ્વારા વોર્ડ સભ્ય માટે મતદાન કરી શકશે.

મત કર્યા પછી મતપત્રક મતદાન પેટીમાં જ નાખી શકશે. જિલ્લામાં ચાર તાલુકાની ૧૫૬ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી છે. આ માટે નોંધાયેલા મતદારોની સંખ્યા ૪,૧૦,૧૧૭ છે. જેમાં પુરૂષ મતદારોની સંખ્યા ૨,૦૯,૭૬૭ અને મહિલા મતદારોની સંખ્યા ૨,૦૦,૩૩૯ છે.

સૌથી વધુ મતદારો ગાંધીનગરમાં છે જ્યાં ૫૪ ગ્રામ પંચાયતોની ચૂંટણી છે. જેમાં નોંધાયેલા મતદારોની સંખ્યા ૧,૭૫,૦૦૯ છે જ્યારે સૌથી વધુ પંચાયતોની ચૂંટણી દહેગામમાં છે. ૭૫ ગ્રામ પંજચાયતો માટે નોંધાયેલા મતદારોની સંખ્યા ૧,૬૩,૪૧૬ છે.

## મનપાની વધુ સંકલ્પ પૂર્ણ કરવા તરફ ગતિ

### આગામી ચોમાસામાં મિશન મિલીયન ટ્રી નો અમલ કરી ગ્રીન ગાંધીનગરનું બિરૂદ પાછુ મેળવવામાં આવશે : મિયાવાકી જંગલ તેમજ ઓક્સિજન પાર્ક બનાવવા માટે પણ આગળ વધવામાં આવશે : ભાટ સહિત ત્રણ સ્થાનો પર મનપા પોતે નર્સરી બનાવશે : જરૂર પડ્યે અલાયદુ તંત્ર ઉભુ કરાશે

ગાંધીનગર, તા. ૧૭

હરિયાળા ગાંધીનગરના ચૂંટણી સંકલ્પ પત્રમાં કહેલી વાતને સિદ્ધ કરવા હવે મનપા આગામી ચોમાસામાં ૧૦ લાખ વૃક્ષોનું વાવેતર કરશે અને આ દિશામાં તેણે બેઠકોનો દોર આરંભી દીધો છે એટલુ જ નહિ આ માટેનો રોડમેપ પણ એકાદ પખવાડિયામાં તૈયાર કરી દેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે ગ્રીનસીટી ગાંધીનગરનું બિરૂદ ઝડપથી પાટનગરને પરત મળે તે સંકલ્પ સાથે આ કવાયત હાથ ધરવામાં આવી છે. જેમાં પ્રાથમિક ચર્ચાનો દોર પુરો થઈ ગયો છે અને હવે ''મિશન મિલીયન ટ્રી''નો રોડમેપ તૈયાર કરી દેવામાં આવશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે મનપા દ્વારા આ માટે ભાટ સહિત બે સ્થાનો પર ખાસ નર્સરી ઉભી કરી વૃક્ષોને તૈયાર કરવામાં આવશે. આ વૃક્ષોના વાવેતરની સાથે સાથે મનપા દ્વારા ૩ જેટલા ઓક્સિજન પાર્ક અને ૩ જેટલા મિયાવાકી જંગલ પણ ઉભા કરવાનું આયોજન છે.

મનપાના અધિકારીઓ અને પદાધિકારીઓએ આ મિશન મિલીયન ટ્રી માટે અમદાવાદ પેટર્ન અપનાવવાનો હાલ નિર્ણય કર્યો છે અને આ સંદર્ભે અમદાવાદ કોર્પો.ના પાર્કસ એન્ડ ગાર્ડનના ડાયરેક્ટર સાથે એક લાંબી બેઠક પણ યોજી તેમના અનુભવો ને જાણકારી મેળવી હતી.

ગાંધીનગર મનપાના હદ વિસ્તારમાં થયેલા વધારાના કારણે વૃક્ષોના વાવેતરમાં કોઈ અવરોધ થશે નહિ તેવા વિશ્વાસ સાથે મનપાએ મન સ્પષ્ટ બનાવી લીધુ છે.

આગામી સપ્તાહમાં નર્સરીમાં વૃક્ષ ઉછેર સહિતની કામગીરી માટે વન વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજાશે. મનપાએ આ માટે ખાસ બાગાયત અધિકારી સહિતની જગ્યાઓ પણ ઉભી કરવા માટે મન બનાવ્યુ હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગરમાં વૃક્ષોની કટૌતી થઈ રહી હોવાથી એક તરફ પ્રકૃતિ પ્રેમીઓમાં વ્યાપેલા રોષની નોંધ પણ લેવામાં આવી છે. ગાંધીનગરમાં પુનઃ હરિયાળી દેખાય એટલું જ નહિ વૃક્ષોના વાવેતર સાથે તેના ઉછેરની પણ એટલી જ કાળજી લેવામાં આવશે તેમ મનપાના આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

ગાંધીનગરના જુના સેક્ટરોમાં પણ વૃક્ષ ઉછેર અને વાવેતરમાં અગ્રતા અપાશે. આ ઉપરાંત કોમન પ્લોટ જે ખાલી પડ્યા છે ત્યાં પણ વાવેતર કરી અને નગરને હરિયાળુ બનાવવામાં આવશે. માર્ગો પણ લીલાછમ દેખાય તે પણ જોવામાં આવશે.



ગાંધીનગર શહેરને સ્વચ્છ સીટી-સ્માર્ટ સીટી બનાવવા તંત્ર દ્વારા દર વર્ષે કોરોડોનો ખર્ચ કરવામાં આવે છે. સાધનોથી લઈને મેન પાવર પાછળ અઢળક ખર્ચો કરવામાં આવે છે. પરંતુ શહેરને આપણે સંપૂર્ણ ગંદકીમુક્ત કરી શક્યા નથી. ક્યાંક ગટરો ઉભરાય છે તો ક્યાંક કચરાપેટીઓ ભરાઈ ગઈ છે. અનેક સ્થળે આવા છીંડા જોવા મળે છે. સેક્ટર-૨૩માં લાલઘર પાન પાર્લરની પાસે રસ્તા પર કચરાપેટી તો મુકવામાં આવી છે પરંતુ કચરો કચરાપેટીમાં હોવાને બદલે આસપાસ વધુ ફેલાયેલો છે. કચરાપેટીની આસપાસ ફેલાયેલા કચરાની સાફ-સફાઈ થતી ન હોવાથી અહીં ખૂબ જ ગંદકી ફેલાઈ છે. કચરાના કારણે અહીં રખડતા ઢોરોની સમસ્યા પણ વકરી છે.

## શહેરના પાંચ સેકટરોમાં જુદી જુદી કક્ષાના ૩૦૦ સરકારી મકાનોનુ રીનોવેશન કરાશે

### સે-૭, સે-૧૩, સે-૧૬ , સે-૨૧ અને સે-૩૦ માં ચ, છ અને જ કક્ષાના આવાસોની દશા સુધારવા અંદાજિત રૂ ૧૭ કરોડનો ખર્ચ કરાશે

ગાંધીનગર તા ૧૭

ગાંધીનગરના સેકટરોમાં સાડા ચાર દાયકા જુના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જેમાં મોટાભાગના જોખમી હાલતમાં છે. ત્યારે જુના અને જોખમી આવાસો તોડવા તેમજ રહીશોને વૈકલ્પિક વ્યવસ્થા પુરી પાડવાનુ કામ પણ તંત્ર માટે ચેલેન્જરૂપ બન્યુ છે. આ સ્થિતિ વચ્ચે તંત્રના ચોપડે આવાસ ઈચ્છુક કર્મચારીઓની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. ત્યારે કર્મચારીઓને રહેવા માટે સલામત છત ઉપલબ્ધ થાય તેવા આશયથી શહેરના પાંચ સેકટરોમાં કુલ ૩૦૦ મકાનોના રીનોવેશનનુ કામ હાથ ધરવામાં આવશે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૧૭ કરોડનો ખર્ચ કરાશે. આવાસોના રીનોવેશનના અંતે કર્મચારીઓને આવાસ ફાળવવામાં પણ સાનુકુળતા રહેશે જયારે પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળશે તેમ પણ મનાઈ રહ્યુ છે.

ગાંધીનગરમાં એકબાજુ દાયકાઓ જુના આવાસો તોડવા માટે તબક્કાવાર મંજુરી આપવામાં આવી રહી છે. હાલની સ્થિતિએ સેકટરોમાં જુદી જુદી કક્ષાના સરકારી આવાસો રહેણાંકની દ્રષ્ટીએ જોખમી હોવાનુ સ્પષ્ટ થયુ છે. આવા સંજોગોમાં સરકારી આવાસો ખાલી કરાવાનુ કામ મુશ્કેલ બન્યુ છે. રહેણાંકને લાયક આવાસો ન હોવાના લીધે સરકારી તંત્રની પ્રતિક્ષા યાદી પણ મોટી થતી જાય છે. સેકટરોમાં એક અંદાજ મુજબ ૪૫૦૦ જેટલા જોખમી આવાસો છે. જયારે હજુ નવા આવાસોના નિર્માણની કામગીરી ચાલી રહી છે. એકબાજુ જોખમી આવાસોનો કડુસલો કરીને ખુલ્લી જગ્યાના સર્વેના અંતે નવા આવાસો બાંધવા માટે સાઈટ આખરી કરવામાં આવી રહી છે. આ સ્થિતિ વચ્ચે સેકટરોમાં જુના અને જોખમી આવાસો ખાલી કરવા માટે પણ રહીશો તૈયારી દાખવતા નથી બીજીતરફ તંત્ર પાસે પણ આવાસો ખાલી કરાવવા બદલ વૈકલ્પિક સુવિધા પુરી પાડવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. જેને ધ્યાનમાં રાખી સેકટરોમાં જે આવાસો મજબુતીકરણ હેઠળ આવરી લેવાય તેવી હાલતમાં છે તેના મજબુતીકરણ તરફ પણ ધ્યાન કેન્દ્રીત કરાયુ છે. સેકટરોમાં દાયકાઓના અંતે હજુ પણ ઘણાં આવાસોનુ મજબુતીકરણ કરવામાં આવે તો તેમાં વસવાટ થઈ શકે તેવી સ્થિતિમાં છે. જેને અનુલક્ષી

● અનુસંધાન પાના - ૭ પર

## પોલીસ કોન્સ્ટેબલ પર હુમલો કરવાના કેસમાં આરોપીને પાંચ વર્ષની સખત કેદ

### પોલીસ કર્મચારીને માથામાં લોખંડની પાઇપ ફટકારી ગંભીર ઇજા પહોંચાડી હતી

ગાંધીનગર તા ૧૭

છત્રાલ કડી માર્ગ પર પોલીસ કોન્સ્ટેબલ પર પાઈપ વડે જીવલેણ હુમલો કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને પાંચ વર્ષની સખત કેદની સજા ભોગવવા તેમજ રૂ ૨૫ હજારનો દંડ ચુકવવા માટે આદેશ કર્યો છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૪ ડિસેમ્બર વર્ષ ૨૦૧૬ ના રોજ પોલીસ કોન્સ્ટેબલ અરવિદકુમાર ચંદુલાલ દંતાણી તેમની ફરજ પર હતા જયારે આ દરમિયાન તેઓ છત્રાલ કડી માર્ગ પર સ્થિત આરોપી સત્યનારાયણ અમૃતરામ કોઠારીની ભંગારની વખારમાં ચેકીંગ કરવા માટે ગયા હતા આ દરમિયાન આરોપીએ તેમના સરકારી કામમાં રૂકાવટ કરીને પોલીસ કર્મચારીને માથાના તેમજ શરીરના ભાગે લોખંડની પાઈપ વડે હુમલો કર્યો હતો. જયારે આ જીવલેણ હુમલામાં તેમને ગંભીર ઈજા પહોંચી હતી.

આ કેસ ગાંધીનગરની પ્રિન્સિપાલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે જીજ્ઞેશ જોષીએ દલીલો કરી હતી આ કેસમાં કોર્ટે સરકારી વકીલની દલીલો તેમજ ડોકટર તેમજ મહત્વના સાક્ષીઓની જુબાની અને પુરાવાઓને ધ્યાનમાં રાખી આરોપીને ભારતીય દંડ સંહીતાની કલમ ૩૩૩ના ગુન્હામાં કસુરવાર ઠરાવી પાંચ વર્ષની સખત કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે.

આ ઉપરાંત પ્રિન્સિપાલ એન્ડ સેસન્સ જજ એન સી રાવલે આરોપીને રૂ ૨૫ હજારનો દંડ તેમજ આરોપી દંડ ન ભરે તો વધુ બે માસની સાદી કેદની સજા ભોગવવા પણ આદેશ કર્યો છે. જયારે દંડની રકમ ઈજા પામનાર અરવિંદરામ ચંદલાલ દંતાણીને ચુકવી આપવા માટે પણ કોર્ટે આદેશ કર્યો છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com